# બોર્ડની ચૂંટણી : અખિલ ગુજરાત રાજ્ય શાળા સંચાલક મહામંડળમાં તડાં

**પ્રમુખ નારણભાઈ પટેલ સામે મંત્રી ડૉ. પ્રિયવદન કોરાટે પોતાની દાવેદારી જાહેર કરી**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરના વિવિધ સંવર્ગના ૯ સભ્યોને ચૂંટવા માટે તા.૨૫ એપ્રિલે ચૂંટણી યોજાવવાની છે જેમાં સંચાલક મંડળની માત્ર ૧ બેઠક હતી. જેમાં અખિલ ગુજરાત રાજ્ય શાળા સંચાલક મહામંડળના પ્રમુખ નારણભાઈ એમ. પટેલને મહામંડળના માન્ય ઉમેદવાર તરીકે પાર્લામેન્ટ્રી બોર્ડે જાહેર કર્યા છે એ સાથે જ સંચાલક મહામંડળના મંત્રી ડૉ.પ્રિયવદન કોરોટે પણ પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠકમાં પોતાની ગેરહાજરી દરમ્યાન એકપક્ષીય નિર્ણય લેવાયો છે અને પોતે સંચાલક મંડળની ચૂંટણી લડવાના છે તેવી લેખિત જાહેરાત કરતાં અખિલ ગુજરાત રાજ્ય શાળા સંચાલક મહામંડળમાં તડાંની સ્થિતિ બહાર આવી છે જેના કારણે સંચાલક મહામંડળ સાથે જોડાયેલા અન્ય જિલ્લાના શાળા સંચાલકોમાં દ્વિધા ભરી સ્થિતિ ઉભી થઈ છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર માધ્યમિક શિક્ષણ બોર્ડના ૯ સભ્યોની ચૂંટણી માટે જાહેરનામું પ્રસિદ્ધ થયું છે. તા.૩ એપ્રિલ સુધી ઉમેદવારીપત્રો ભરવામાં આવશે ત્યારે કોરોનાના કારણે વારંવાર પાછી ઠેલાયેલી માધ્યમિક શિક્ષણ બોર્ડના સભ્યોની ચૂંટણીમાં હવે રીતસરનું સમરાંગણ સામે આવી રહ્યું છે. અખિલ ગુજરાત શાળા સંચાલક મહામંડળે સરકાર અને શિક્ષણ વિભાગ સામે લડત આપીને અનેક પ્રશ્નોનો ઉકેલ લાવવાની સાથે શાળાઓમાં આચાર્યની ભરતીની જટીલ પ્રક્રીયાને પણ સરળ કરી હતી જેના કારણે શાળા સંચાલકોને પસંદગીના આચાર્ય પસંદ કરવાની તક મળી હતી. સરકાર દ્વારા મે.-૨૦૨૦માં ગુજરાત વિધાનસભામાં શિક્ષણધારામાં સુધારો કર્યો હતો. અગાઉ જમ્બો ૬૪ સભ્યોનું બોર્ડ હતું જે ઘટાડીને ૩૦ નું કરી દીધું છે જેમાં ૨૧ સભ્યોની હોદ્દાની રૂએ નિયુક્તિ મળશે અને ૯ સભ્યોની ચૂંટણી યોજવા અંગેનું જાહેરનામું બહાર પડ્યું છે. ગત તા.૧૬ માર્ચના રોજ મતદાર યાદી જાહેર કરી દેવામાં આવી છે પરંતુ રાજ્ય શાળા સંચાલક મંડળની માત્ર એક બેઠક માટે અખિલ ગુજરાત રાજ્ય શાળા સંચાલક મહામંડળમાં જ ખુદ તડાંની સ્થિતિ સામે આવી છે. મંડળના પ્રમુખ નારણભાઈ એમ. પટેલને તેમની ઉંમરને ધ્યાને રાખી ચૂંટણી ન લડે તેવો અનેક સંચાલકોનો આગ્રહ હતો તેમજ ડૉ.પ્રિયવદન કોરાટે શાળા સંચાલકોના પ્રશ્નો બાબતે સરકાર અને શિક્ષણ વિભાગ સામે અગાઉ પણ આક્રમકતા દાખવેલી છે તે જોતાં ડૉ.પ્રિયવદન કોરાટને મેદાનમાં ઉતારવામાં આવે તેવી મોટાભાગના શાળા સંચાલકોની ઈચ્છા હતા પરંતુ બુધવારે યોજાયેલી પાર્લામેન્ટ્રી બોર્ડમાં નારણભાઈ પટેલને માન્ય ઉમેદવાર તરીકે મહામંડળના મહામંત્રી દ્વારા જાહેર કરાયા પછી હવે શું થશે..?? તે મુદ્દે ખુદ શાળા સંચાલકો અવઢવમાં મૂકાયેલા છે. એક રીતે અખિલ ગુજરાત શાળા સંચાલક મંડળને અકબંધ રાખવા માટે લવાદ નીમીને પણ યોગ્ય હલ લાવવો જોઈએ તે રાજ્યભરના શાળા સંચાલકોના હિતમાં હશે.


# કાળઝાળ ગરમી : મોડાસા ડેપોના ડ્રાઈવરે મુસાફરો માટે બસમાં પીવાના પાણીની વ્યવસ્થા ઉભી કરી

**પાણી માટે પ્રજાને હડધૂત કરતા જૂજ લોકોને અર્પણ**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

કાળઝાળ ઉનાળો વધુ આકરો બની રહ્યો છે. વટેમાર્ગુ અને શહેરી વિસ્તારમાં ખરીદી માટે આવતા લોકોને પીવાના પાણી માટે ક્યારેક હડધૂત થવું પડે છે ત્યારે મોડાસા ડેપોના ડ્રાઈવર કેસરીસિંહ જોધ્ધાએ આ વર્ષે પણ એસ.ટી. બસમાં પાણીની વ્યવસ્થા ઉભી કરી મુસાફરોના દિલ જીત્યા છે. પાણી માટે પ્રજાને હડધૂત કરતા જૂજ લોકો માટે ખાખી વર્દીધારી ડ્રાઈવરનો કિસ્સો અર્પણ.

એસ.ટી. બસ પ્રત્યે અનેક મુસાફરોનો લગાવ ઓછો થયો છે તેની પાછળ એસ.ટી. બસમાં યોગ્ય મેન્ટેનન્સ ન થતાં નિયત સ્થળે સમયસર પહોંચાશે કે કેમ..?? કાળઝાળ ઉનાળો છે એટલે બસ રસ્તામાં તો નહીં



ખોટકાય ને..?? તેવી કલ્પનાઓથી અનેક મુસાફરો ખાનગી વાહનોનો સહારો લઈ રહ્યા છે. ત્યારે ઉનાળા દરમ્યાન અનેક એસ.ટી. ડ્રાઈવરોની પરગજુ સેવા પણ નજર અંદાજ ન કરવી જોઈએ. મોડાસા-પાવાગઢ રૂટ ઉપર દોડતી એસ.ટી. બસના ડ્રાઈવર કેસરીસિંહ જોધ્ધા છેલ્લા એક સપ્તાહથી ચર્ચામાં છે. કારણ કે મોડાસા ડેપોમાંથી એસ.ટી. બસ પાવાગઢ તરફ પ્રયાણ કરે એટલે ડ્રાઈવર પોતાના ખર્ચે ૨ થી ૩ જગ મીનરલ વોટર બસમાં ગોઠવી દે છે અને મુસાફરને જ્યારે જોઈએ ત્યારે એકપણ પૈસો ખરચ્યા વગર પાણી પી તરસ છીપાવી રહ્યા છે. એસ.ટી. બસના કર્મચારીઓના સિમિત પગાર છતાં તેમનું મુસાફરો માટેનું જીંદા દિલ પાણી સેવામાં ઉજાગર થયું છે. દરેક એસ.ટી. બસ મથકોમાં કેસરીસિંહ જોધ્ધા જેવા કર્મચારીઓ હોય તો એસ.ટી. બસમાં મુસાફરો શોધવા માટે બહાર ન જવું પડે.

## જન્મદિને વધામણી



બી. બી. પટેલ (મંત્રી : શીકા કેળવણી મંડળ) શીકા, તા.ધનસુરા



પિંકલભાઈ પંચાલ સરસોલી (બાયડ)



નાગજીભાઈ આર. દેસાઈ (નિવૃત્ત આચાર્ય : આંબલિયારા પ્રા.શાળા) અલાણા, તા.ધનસુરા

# ઈડર પંથકના અગિયાર જેટલા ગામના તળાવો ભરવાની વહીવટી મંજુરી મળતાં ખેડૂતોમાં આનંદની લાગણી

નેત્રામલી, તા. ૩૧

ઈડર પંથકના ઉત્તર વિભાગના ગામોના પાણીના સ્તર ખૂબજ ઉંડા હોવાથી અને પાણીનો સ્ત્રોત નહિવત્ રહેતા ગૃહાઈ જળાશય આધારિત ઉદ્દ્નવહન યોજના દ્વારા ઈડર તાલુકાના ૧૧ ગામોના તળાવો ભરી સિંચાઈ થી વંચિત રહેતા આશરે ૧૪૬૦ હેક્ટર જમીન વિસ્તારને પરોક્ષ સિંચાઈનો લાભ આપવા માટે ગુજરાત વિધાનસભા ના પૂર્વ અધ્યક્ષ અને ઈડર - વડાલી તાલુકાના પૂર્વ ધારાસભ્ય રમણલાલ વોરા દ્વારા ૨૦૧૭ની સાલમાં સરકાર સમક્ષ પત્ર દ્વારા રજુઆત કરવામાં આવી હતી જેના અનુસંધાને વર્તમાન ધારાસભ્ય હિતુ કનોડિયાના ઉગ્ર પ્રયાસો થકી રૂપિયા ૬.૬૯ કરોડ ની વહીવટી કામગીરીની મંજુરી મળતાં ઈડર પંથકના ભદ્રેસર,







ડુંગરી, ઈસરવાડા, કપોડા, ભેટાલી, હિંગળાજ, દરામલી, નેત્રામલી, ચડાસણા, હિંમતપુર, ભુવેલ ગામના ખેડૂતોમા આનંદની લહેર સાથે બંને ધારાસભ્યનો પંથકના ખેડૂતો દ્વારા ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો. ભુવેલ ગામના ખેડૂત સોમાભાઈ પટેલના જણાવ્યા અનુસાર સરકારની આ યોજના હેઠળ આગામી દિવસોમાં જમીનમા પાણીના લેવલ ઉપર આવવા અને વધુ પડતાં પાણીમાં ફ્લોરાઈડ ની માત્રામાં ઘટાડો થશે અને ખેતી માટે પાણીની સમસ્યાનો નિવેડો આવશે અને વધુ સારું ઉત્પાદન ખેતી માંથી મેળવી શકશે.

# ચાંદરેજની પરણિતા ગુમ, બાયડ તાલુકાનો બનાવ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

બાયડ તાલુકાના ચાંદરેજ ગામના સોલંકી પરિવારની પરણિત મહિલા ઘરેથી કોઈ કારણોસર ગુમ થઈ જતાં પરિવાર ચિંતામાં સરી પડ્યો છે. પતિ તેમજ પરિવારના સભ્યોએ ગુમસુદાની શોધ કરી હોવા છતાં કોઈ પત્તો મળ્યો નથી જેથી આંબલિયારા પોલીસને જાણ કરવામાં આવી છે.

પરણિત મહિલાઓ ગુમ થાય એટલે અનેક અમંગળ આશંકાઓ આકાર લેતી હોય છે. તાલુકાના ચાંદરેજમાં રણજીતસિંહ સોમસિંહ સોલંકીનાં પત્નિ વંદનાબેન તા.૨૮ના રોજ પોતાના ઘરેથી કોઈને પણ કંઈ કહ્યા વગર ગુમ થઈ ગયાં હતાં જેથી ગુમ થનાર મહિલાને સગા-સબંધીઓ તેમજ અન્ય સ્થળે શોધ કરવામાં આવી હતી પરંતુ કોઈએ તેમનું અપહરણ કર્યું છે કે પછી જાતે જ ક્યાંક ચાલ્યાં ગયાં છે વગેરે સવાલોને લઈ ચિંતિત પરિવારે પોલીસને જાણ કરી છે.

# કોરોનાના કારણે પરીક્ષાની તારીખમાં ફેરફાર

**ઉત્તર ગુજરાતમાં જી.પી.એસ.સી.ની તૈયારી કરતા ૫૦ હજાર ઉમેદવારોને રંજાડતો કોરોના : રાજકીય મેળાવડાથી કોરોના પ્રસર્યો, ભોગવવાનું નોકરી ઝંખતા ઉમેદવારોને**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી સમાપ્ત થઈ એ સાથે જ કોરોના બેકાબુ બન્યો છે. સમગ્ર દેશમાં કોરોનાની બીજી લહેર આફત નોંતરી શકે છે પરંતુ ગુજરાત સહિત ઉત્તર ગુજરાતમાં આ સમયગાળા દરમ્યાન સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી હતી એટલે કાગનો બેસવું અને ડાળનો ભાંગવા જેવો ઘાટ ઘડાયો છે. કોરોનાના વધતા સંક્રમણથી ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા વિવિધ જગ્યાઓ માટેની પરીક્ષાની તારીખોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. એક રીતે ઉત્તર ગુજરાતના ૫૦ હજારથી વધુ જી.પી.એસ.સી.ની તૈયારી કરતા ઉમેદવારોને કોરોના રંજાડતો હોય તેવું ચિત્ર ઉપસ્યું છે.

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ભરતી માટેની પ્રક્રીયા શરૂ કરવામાં આવી છે. ગત માર્ચ મહિનામાં કોરોના વકરતાં અમદાવાદ સહિત રાજ્યમાં આવેલા સ્પીપા સેન્ટરો પણ બંધ કરવામાં આવ્યા હતા જેના કારણે વર્ષ-૨૦૨૦માં સ્પીપામાં પસંદ થયેલા ઉમેદવારો એક રીતે કમનસીબ સાબિત થયા. ત્યાર પછી કોરોનાનું સંક્રમણ અનેક ગણું વધ્યું અને મૃત્યુ દર ઉંચકાતાં અગાઉથી નિયત કરાયેલી જી.પી.એસ.સી.ની પરીક્ષાઓ મોકૂફ રાખવાની ફરજ પડી હતી. તા.૪ એપ્રિલના રોજ પરીક્ષેત્ર વન અધિકારી વર્ગ-૨ ની પ્રાથમિક કસોટી યોજાવવાની હતી જે મુલત્વી રાખીને નવી તા.૧૮ એપ્રિલ જાહેર કરવામાં આવી છે. તે જ રીતે નાયબ સેક્શન અધિકારી/નાયબ મામલતદાર વર્ગ-૩ ની તા.૧૮ એપ્રિલના રોજ યોજાનારી પરીક્ષા તા.૯ મે.ના રોજ યોજાશે, આસીસ્ટન્ટ સહાય વર્ગ-૩ જી.એમ.ડી.સી.ની પરીક્ષા તા.૯ મે. ના બદલે હવે ૧૬ મે.ના રોજ, સિક્યુરીટી સુપરવાઈઝર સહાયક વર્ગ-૩ ની પરીક્ષા તા.૯ મે.ના બદલે તા.૨૩ મે., મદદનીશ ઈજનેર સિવિલ વર્ગ-૨ ની પરીક્ષા તા.૯ મે.ના બદલે તા.૬ જૂન, ઉદ્યોગ અધિકારી તાંત્રિક વર્ગ- ૨ની પરીક્ષા તા.૯ મે.ના બદલે તા.૨૩ મે., ગુજરાત ઈજનેરી સેવા(સિવિલ) વર્ગ-૧ અને ૨ ની પરીક્ષા તા.૧૬ મે.ના બદલે તા.૨૩ મે., વહીવટી અધિકારી, ગુજરાત મત્સ્ય ઉદ્યોગ સેવા વર્ગ-૨ તા.૧૬ મે. ના બદલે તા.૩૦ મે., વહીવટી અધિકારી વર્ગ-૨ ઉદ્યોગ અને ખાણ વિભાગ તા.૨૩ મે.ના બદલે તા.૨૯ મે. અને કચેરી અધિક્ષક વર્ગ-૨ ની તા.૨૩ મે.ના રોજ યોજાનારી પરીક્ષા તા.૩૦ મે.ના રોજ યોજાશે તેમ ગુજરાત જાહેર સેવા આયોગ-ગાંધીનગરના સંયુક્ત સચિવ દ્વારા જણાવવામાં આવ્યું છે.

# વિજયનગરની પેઢીમાં હોળીના દિવસે ગઠીયાઓનો હાથ ફેરો

**રૂ.૯૦ હજારની કિંમતના સોનાના દાગીના ઉસેડી ફરાર**

વિજયનગર, બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

વિજયનગરના જૂના બજાર વિસ્તારમાં પન્નાલાલ અખેચંદની પેઢીમાં ખરીદી કરવાના બહાને પ્રવેશેલા ૨ ગઠીયાઓએ વેપારી પ્રવિણ અમૃતલાલ શાહની નજર ચૂકવી રૂ.૯૦ હજારની કિંમતન દાગીના સમી સાંજે ઉસેડી ફરાર થઈ જતાં સનસનાટી મચી છે. બનાવ અંગે વિજયનગર પોલીસે તસ્કરીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

પોલીસ સૂત્રોએ આપેલી જાણકારી મુજબ વિજયનગરના વાઘડીયા વડલા વિસ્તારમાં રહેતા વેપારી હોળીના દિવસે પેઢીમાં બેઠા હતા જે સમયે ૨ અજાણ્યા ઈસમો પેઢીમાં પ્રવેશ્યા હતા અને સોના-ચાંદીના દાગીના ખરીદવાની વાત કરી હતી જેમાં વેપારી દાગીનાના બોક્સ તેમની સામે મૂકી દાગીનાની કિંમત બતાવતા હતા જે સમયે બંન્ને ગઠીયાઓએ વેપારીની નજર ચૂકવી બોક્સમાંથી સોનાના ઝૂમ્મર, બુટ્ટી, પેન્ડલ સહિત ૯૦ હજારની કિંમતના દાગીના સેરવી ફરાર થઈ ગયા હતા. વેપારીને વાતોમાં પરોવી રાખી ચબરાક ગઠીયાઓ સોનાના દાગીના શિફ્તપૂર્વક ઉઠાવીને નો દો ગ્યારાહ થઈ જતાં વેપારી માટે હોળીનું પર્વ ધુમ્બો આપનારૂ બની રહ્યું હતું. બનાવ અંગે વિજયનગર પોલીસે વેપારીની ફરિયાદના આધારે ગુનો નોંધ્યો છે. જાણવા મળ્યા મુજબ પેઢીમાં હાથફેરો કરનારા બંન્ને ઈસમો મહેસાણા પોલીસના હાથે ઝડપાયા પછી વિજયનગરની તસ્કરીનો ભેદ ખૂલ્યો છે પરંતુ સ્થાનિક પોલીસ હજુ આ બાબતે અજાણ રહી છે.

# પ્રાંતિજ ખાતે રોગી કલ્યાણ સમિતિની મિટીંગ

**પ્રાંત અધિકારી સોનલબા પઢેરીયાના અધ્યક્ષ સ્થાને મીટીંગ યોજાઇ : સીએચસીના ડૉ. તાલુકા હેલ્થ ઓફિસર, સહિત રોગી કલ્યાણ સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા**





પ્રાંતિજ, તા. ૩૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સામુહિક આરોગ્ય કેન્દ્ર પ્રાંતિજ ખાતે ચાલકી રોગી કલ્યાણ સમિતિ ની મિટીંગ પ્રાંતિજ-તલોદ ના પ્રાંતિજ અધિકારી સોનલબા પઢેરીયા ના અધ્યક્ષ સ્થાને યોજાઈ.

પ્રાંતિજ તાલુકા સેવા સદન ખાતે આવેલ પ્રાંન્ત કચેરી ખાતે પ્રાંતિજ ખાતે કાર્યરત રોગી કલ્યાણ સમિતિ સામુહિક આરોગ્ય કેન્દ્ર ની મીટીંગ પ્રાંન્ત અધિકારી સોનલબા પઢેરીયા ના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી જેમા સોવ પ્રથમ સીએચસી લેબ ટેક્નિશિયન મા ફરજ બજાવતા પંડયા મનોજભાઈ નુ કોરોના ને લઈ ને ચાલુ સાલે અવસાન થતા તેમની આત્મા ને શાન્તિ મળે તે માટે બે મિનિટ નુ મૌન પાડવામા આવ્યુ હતુ અને તેમની કામગીરી ને બિરદાવવામા આવી હતી અને ત્યારબાદ ગત સભાનુ પ્રોસેડીંગ વંચાણે લઈ બહાલી આપવામા આવી હતી અને ચાલુ વર્ષે ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ મા તા.૩/૩/૨૦ થી તા.૩૧/૩/૨૦૨૦ અને તા.૧/૪/૨૦૨૦ થી તા.૩૧/૩/૨૦૨૧ સુધી થયેલ તમામ ખર્ચ ની બહાલી આપવામા આવી હતી અને લેબોરેટરી માટે આવશ્યક લેબ મટીરીયલ અને કેમિકલ્સની ખરીદી કરવામા આવે તે માટે બહાલી આપવામા આવી હતી અને એમ્બ્યુલન્સના ટાયર નવીન નાખવા સહિતની ચર્ચાઓ સહિત મંજુરીઓ આપવામા આવી હતી તો મીટીંગમા પ્રાંતિજ-તલોદના પ્રાંન્ત અધિકારી સોનલબા પઢેરીયા, પ્રાંતિજ સીએચસી ઓફિસર અને ડૉ. હર્ષ પટેલ, તાલુકા હેલ્થ ઓફિસર એ એમ.સોલંકી, બાલીસણા આરોગ્ય કેન્દ્ર ના મેડીકલ ઓફિસર આર.કે. યાદવ, રઈશભાઈ કસ્બાતી, નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ, રાજુભાઈ પટેલ, સહિત રોગી કલ્યાણ સમિતિ ના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# બનાસકાંઠામાં અત્યાર સુધી ૪ લાખ કરતા વધુ લોકોને કોરોનાની રસી અપાઈ

**આજે પહેલી એપ્રિલથી ૪૫ વર્ષથી ઉપરનાને રસીકરણનું મહા અભિયાન**

ડીસા, તા. ૩૧

કોવિડ-૧૯ના સંક્રમણને અટકાવવા મુખ્યમંત્રી વિજય રૂપાણીની સરકારના દિશાનિર્દેશો અનુસાર બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા યુધ્ધના ધોરણે રસીકરણની કામગીરી કરવામાં આવી રહી છે. જિલ્લામાં કોરોના સંક્રમણ રોકવા માટે ટેસ્ટીંગથી લઈ બોર્ડર પર સ્ક્રિનીંગ સહિતની સઘન કામગીરી હાથ ધરાઈ છે.

લોકો કોરોના પ્રતિરોધક રસી મુકાવી પોતાની અને પરિવારજનોની સુરક્ષા સુનિશ્ચિત કરી શકે તે માટે બનાસકાંઠા જિલ્લા કલેકટરના માર્ગદર્શન પ્રમાણે ૦૧ એપ્રિલથી ૪૫ વર્ષ ઉપરના નાગરિકોને કોરોના પ્રતિરોધક રસી આપવાનું મહાઅભિયાન શરૂ કરવામાં આવશે. આ રસીકરણ અભિયાનમાં બનાસકાંઠા જિલ્લામાં ત્રણ લાખ ૮૯ હજાર ૩૪૨ લોકોને રસીકરણમાં આવરી લેવાશે.

આ રસીકરણ મહાઅભિયાન વિશે માહિતી આપતાં બનાસકાંઠાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એસ.એમ. દવેએ જણાવ્યું હતું કે, જિલ્લાના ૨૬ સામૂહિક આરોગ્ય કેન્દ્રો, ૧૩૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ૨૦૭ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, ૫૫૦ સબ સેન્ટરોનો સમાવિષ્ટલ કરતી ૩૬૨ જેટલી વેક્સિન સાઈટ ઉપર દરરોજના સરેરાશ ૬૧ હજાર ૫૪૦ લોકોને રસી આપવાનું આયોજન કરવામાં આવ્યું છે અને આગામી તા.૧૦ એપ્રિલ સુધીમાં આ વય જૂથના લોકોનું રસીકરણ કામગીરી પૂર્ણ કરવાનું આરોગ્ય તંત્ર દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.

તેમણે કહ્યું કે, જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૫થી ૬૦ વર્ષ સુધીની ઉંમરવાળા ચાર લાખ પાંચ હજાર ૩૭૩ લોકોને કોરોના પ્રતિરોધક રસી આપી સુરક્ષા પ્રદાન કરવામાં આવી છે.૧૬ હજાર ૩૧ કો-મોર્બીટીડી એટલે કે ગંભીર રોગો ધરાવતા ૪૫ વર્ષ ઉપરના લોકોને રસી અપાઈ છે. કોરોના વેક્સિનેશન અંગે કલેકટરે બનાસવાસીઓને અપીલ કરતાં જણાવ્યું કે, કોરોનાને નાબૂદ કરવા માટે દરેક નાગરિકે પોતાની ફરજ સમજી રસી અવશ્ય મુકાવવી જોઈએ. તેમણે કહ્યું કે, કોરોનાની રસી આપણા દેશમાં બનેલી સ્વદેશી રસી છે. આ રસીની કોઈપણ પ્રકારની આડઅસર પણ થતી નથી. કોઈની ખોટી વાતો કે અફવાઓમાં આવ્યા સિવાય સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે કોરોનાની રસી અવશ્ય મુકાવીએ. તેમણે કહ્યું કે, કોરોના રસી મુકાવી આપણે પોતે, પરિવાર, સમાજને નિરોગી, સુખી અને સમૃધ્ધ બનાવીએ તથા તંદુરસ્ત અને શક્તિશાળી રાષ્ટ્ર નિર્માણના યશભાગી બનીએ.